અરવલ્લી જિલ્લામાં ૨૪ કલાકમાં ૩ સ્વાઈન ફ્લુ પોઝેટીવ



અરવલ્લીમાં સ્વાઈન ફ્લુનો ફૂફાડો, બે મહિનામાં ૨૩ કેસ પોઝેટીવ

ગુજરાતમાં સ્વાઈનફ્લુ નામની બીમારીમાં મોત નિપજવાનો રેસિયામાં સમગ્ર દેશમાં બીજા નંબરે છે. અરવલ્લી જીલ્લામાં આરોગ્યતંત્ર સ્વાઈનફ્લુ નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ રહેતા બે મહિનામાં ૬૦ શંકાસ્પદ સ્વાઈન ફ્લુ અને ૨૩ સ્વાઈન ફ્લુ પોઝેટિવના કેસ નોંધાયા છે. ભિલોડાનો ૧ યુવાન અને ધનસુરનો ૧ યુવક અને વાંટા રામપુરના આધેડ સ્વાઈનફ્લુમાં સપડાતા આરોગ્યતંત્રમાં હડકંપ મચ્યો છે. ત્રણે દર્દીઓ હાલ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બે યુવકોનો સ્વાઈનફ્લુ એકજ દિવસમાં પોઝીટીવ હોવાનું બહાર આવતા બંને યુવકોના પરિવારજનો, ગ્રામજનો અને અરવલ્લી જીલ્લાના પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી જીલ્લામાં આરોગ્ય વિભાગની નિષ્ફળ કામગીરીથી પ્રજાજનો ભગવાન ભરોશે હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. આરોગ્યતંત્રના સબસલામત અને આરોગ્ય વિભાગના કર્મચારીઓની ટીમો બનાવી સર્વેની કામગીરીના દાવાઓ ખોખલા સાબિત થયા હોય તેમ સતત સ્વાઈનફ્લુના કહેર યથાવત જોવા મળી રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈનફ્લુના આંકડા ભલે ચોપડે ઓછા નોંધાયા હોય પરંતુ જીલ્લાની વાસ્તવિક સ્થિતિ બહુજ અલગ જ ભાસી રહી છે. અસંખ્ય દર્દીઓ શંકાસ્પદ દર્દીઓ જીલ્લામાં સ્વાઈનફ્લૂની ઝપેટમાં ખાનગી હોસ્પિટલમાં ટેમીફ્લૂની ટેબ્લેટ અને સીરપની સારવાર લઈ રહ્યા છે.

ધનસુરાના-૧, ભિલોડાના -૧ યુવાન અને મોડાસા વાંટા-રામપુરના એક આધેડને સામાન્ય શરદી-ખાંસી અને તાવ જણાતા પરિવારજનોએ પ્રાથમિક સારવાર વિવિધ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ તબિયતમાં સુધારો ન થતા અને બાળકીને ન્યુમોનિયા અને શ્વાસ લેવામાં ભારે તકલીફ જણાતા પરિવારજનો તાબડતોડ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે પહોંચતા તબીબોને ત્રણે દર્દીઓ સ્વાઈન ફ્લૂના લક્ષણો જણાતા લેબોરેટરી કરાવતા બંને યુવક અને આધેડનો સ્વાઈન ફ્લુનો રિપોર્ટ પોઝેટીવ આવતા તબીબે સઘન સારવાર હાથ ધરી હતી. આરોગ્યતંત્રને જાણ કરતા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું અને ત્રણે દર્દીઓના પરિવારજનો અને આજુબાજુમાં રહેતા લોકોની ચકાસણી હાથ ધરી હતી ટેમિફ્લૂ આપવામાં આવી હતી.

સાબરકાંઠા બેંકને ડિજીટલ બેકિંગ અને ફાયનાન્શિયલ ઈન્કલુઝન ક્ષેત્રે સર્વોત્તમ કામગીરી બદલ નાબાર્ડ દ્વારા એવોડ મળેલ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલે એવોર્ડ સ્વીકાર્યો

હિંમતનગર, તા. ૨૮

ગાંધીનગર મુકામે ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે સાબરકાંઠા



જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ની ડિજીટલ બેકીંગ અને ફાયનાન્સીયલ ઈન્કલુઝન ક્ષેત્રે સર્વોત્તમ કામગીરી બદલ બેંકના યુવાન અને ઉત્સાહી ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલને એવોર્ડ આપી નવાજવામાં આવ્યા હતા.

સૌને સાથે રાખીને સકારાત્મક દ્રષ્ટિથી સમાજના તમામ વર્ગોને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી સાંકળીને બેકીંગ સેવાઓ આમ જનતા સુધી સરળતાથી પહોંચે તે દિશામાં સાબરકાંઠા બેંકના સફળ સુકાની મહેશભાઈ અમીચંદભાઈ પટેલના પ્રેરણાદાયી પ્રયત્નોથી આ સફળતા પ્રાપ્ત થયેલ છે. આ એવોર્ડથી સન્માનીય થવાના પ્રસંગે ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલએ એક નિવેદનમાં જણાવેલ કે, સમગ્ર સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાની આમ જનતાની અનંત આસ્થા તેમજ બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ, કર્મચારી પરિવારગણ તથા તમામ સહકારી સંસ્થાઓના સકારાત્મક સહકારથી બેંક દિન પ્રતિદિન પ્રગતિ કરી રહી છે. જે બદલ તેઓએ બેંકના સન્માનીય ગ્રાહકો અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરી સાબરકાંઠા બેંક હજુ નવીન પ્રવૃતિના માધ્યમથી આમ જનતાને તમામ ક્ષેત્રે વિકાસ થાય તેવા પ્રયત્નો તેમના દ્વારા ચાલુ રહેશે તેમ જણાવેલ.

વધુમાં તાજેતરમાં નામદાર કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી શ્રમ યોગી માન ધન યોજના-અસંગઠિત કામદારોના માટે પેન્શન યોજના શરૂ કરવામાં આવેલ છે જેમાં વધુને વધુ જરૂરીયાતવાળા શ્રમ યોગીઓ તેમજ અસંગઠિત કામદારો સાબરકાંઠા બેંક દ્વારા જાડાય તેવો આશાવાદ વ્યક્ત કરેલ છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, સમગ્ર ભારતની તમામ જિલ્લા બેંકમાં નામદાર કેન્દ્ર સરકારની અટલ પેન્શન યોજના ક્ષેત્રે યોજનાની શરૂઆત થી આજદિન સુધી સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ દર વર્ષે સાબરકાંઠા બેન્કને એવોર્ડ આણી સન્માનીય કરવામાં આવે છે. જેનો શ્રેય પણ બેંકના સફળ સુકાની, યુવાન અને ઉત્સાહી ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલને જ જાય છે.

ધાનેરા તાલુકા રામપુરા મોટા ગામે આશા વર્કર બહેનોની મીટીંગ યોજાઈ

ધાનેરા તાલુકા નાં રામપુરા મોટા ખાતે આજે પી.એચ સી.ખાતે મીટીંગ યોજવામાં આવી હતી ડો.શ્રીવાસ્તવ સાહેબ દ્વારા લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને સ્વાઈનફ્લુ વિશે માહિતી ગાર કરવામાં આવ્યાં હતા ત્યારે ડો.શ્રીવાસ્તવ દ્વારા જણાયું હતું કે હાલમાં વાઈરલ ફિવરનાં કેશો વધતાં જાય છે ત્યારે આશા વર્કર બહેનો ને પણ ખાસ સુચના આપવામાં આવી હતી ત્યારે ગામનાં ભાઈ બહેનો વડીલો અને આશા વર્કર બહેનો ઉપસ્થિત રયા હતા.

ધાનેરામાં ભારતીય જવાનોની કામગીરીથી નગરજનોમાં ખુશીનો માહોલ

ભારત દેશ ના જવાનો ધ્વરા પાકિસ્તાન ને ગણતરીના દિવસો માજ જડબા તોડ જવાબ આપતા આજે સમગ્ર દેશ માં ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં પણ લોકોએ આ ખુશી માનવી હતી અને ફટાકડા ફોડી નારા લગાવ્યા હતા.

પુલવામા આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધોમાં તણાવ યથાવત છે. ત્યારે ભારતે પાકિસ્તાન સામે મોટી કાર્યવાહી કરી છે અને પુલવામા માં થયેલા આતંકી હુમલા નો જવાબ ગણતરી નાજ દિવસો માં આપી દીધો છે ત્યારે આ કામગીરી લોકો માં ખુબજ ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકો ઠેર ઠેર ખુશી માનવી રહ્યા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં પણ લોકોએ જુના બસ સ્ટેશન ખાતે ફટાકડા ફોડી ખુશી માનવી હતી અને નારા લગાવ્યા હતા.

અરવલ્લી ડીડીઓ ડૉ. હસિત ગોસાવીને ડૉ.અબ્દુલ કલામ ઈનોવેટિવ ગર્વનન્સ એવોર્ડથી સન્માનિત

અરવલ્લી જીલ્લામાં જીલ્લા વિકાસ અધિકારી તરીકે ડૉ. હસિત ગોસાવીની નિયુક્તિ સાથે જીલ્લાનો વિકાસ વેગવંતો બન્યો છે. ગુજરાત રાજયમાં સૌપ્રથમવાર જીલ્લાના પ્રજાજનો પ્રશ્નો અને સમસ્યાનું નિરાકરણ માટે ટોલ ફ્રી

હેલ્પલાઈન નંબર ૧૮૦૦ ૧૦૩ ૫૧૬૦ શરુ કરવામાં આવતા અને ઈ-ગ્રામ સેન્ટરમાં ઓનલાઈન સોફ્ટવેરથી ગ્રામપંચાયત અને ગ્રામજનોની તમામ માહિતી ડિજિટલ બનાવવાની કામગીરી માટે દિલ્હીના ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સેન્ટર ખાતે અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી ડૉ. હસિત ગોસાવીને ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ ટ્રેનિંગ ભારત સરકારના અધિક સચિવ કે. શ્રી નિવાસન અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવકુમારના હસ્તે ડૉ. અબ્દુલ કલામ ઈનોવેટિવ ગર્વનન્સ એવોર્ડ-૨૦૧૯માં એવોર્ડ અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી ડૉ. હસિત ગોસાવીએ રાજયમાં સૌપ્રથમ વાર જીલ્લાવાસીઓના પ્રશ્નો અને સમસ્યાના નિરાકરણ માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૦૩ ૫૧૬૦ શરુ કરવામાં કરવામાં આવ્યો છે. આ હેલ્પલાઈન નંબર પર ફરિયાદ કરનાર ફરિયાદીને મોબાઈલમાં ટેક્સ મેસેજ દ્વારા ટોકન નંબર આપવામાં આવે છે અને ૨૪ કલાકની અંદર ફરિયાદનું નિરાકરણ લાવવાની સાથે જીલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંગે ટેક્સ મેસેજ દ્વારા માહિતી આપવામાં આવતા જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતાં પ્રજાજનો પણ જીલ્લા સાથે સીધા જોડાતા અને તેમના પ્રશ્નોનું નિરાકરણ થતા પ્રજાજનોમાં ભારે આવકાર પ્રાપ્ત થયો છે. તદઉપરાંત ગ્રામપંચાયતના ઈ-ગ્રામ પંચાયતના ઈ-ગ્રામ સેન્ટરમાં ઓનલાઈન સોફ્ટવેર ઈન્સ્ટોલ કરી ગ્રામ પંચાયત અને ગામલોકોના તમામ દસ્તાવેજોની ઓનલાઈન નોંધણી સાથે માલ મિલકતની આકારણી અને વેરાની માહિતી, ગ્રામ પંચાયતના વેરાની માહિતી સહીત જન્મ-મરણના દાખલો સહીત ઓનલાઈન કરવામાં આવતા પ્રજાજનોના રેકોર્ડ આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવતા જીલ્લાને ડિજિટલ બનાવવા તરફ અગ્રેસર રહેતા અને તેમની ઉત્કૃષ્ઠ કામગીરી અને વિકાસના કામોને અનુલક્ષીને દિલ્હી ખાતે યોજાયેલ ડૉ. અબ્દુલ કલામ ઈનોવેટિવ ગર્વનન્સ એવોર્ડ-૨૦૧૯માં અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી ડૉ. હસિત ગોસાવીને ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ ટ્રેનિંગ ભારત સરકારના અધિક સચિવ કે. શ્રી નિવાસન અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારના હસ્તે ડૉ.અબ્દુલ કલામ ઈનોવેટિવ ગર્વનન્સ એવોર્ડ-૨૦૧૯માં એવોર્ડ અને સન્માન પત્ર આપી સન્માનિત કરાતા જીલ્લામાં આનંદ છવાયો હતો. જીલ્લા કલેક્ટર એમ.નાગરાજને વિકાસ અધિકારી ડૉ. હસિત ગોસાવીની કામગીરીની સરાહના કરી અભિનંદન પાઠવ્યા હતા. જીલ્લા પોલીસવડા મયુર પાટીલે અભિનંદન આપ્યા હતા. અરવલ્લી જીલ્લા પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓમાં આનંદ છવાયો હતો.

અરવલ્લી જિલ્લા કલેક્ટર એમ.નાગરાજન ડૉ.અબ્દુલ કલામ ઈનોવેટિવ ગર્વનન્સ એવોર્ડથી સન્માનિત

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સેન્ટર દિલ્હી સ્થિત યોજાયેલ ડૉ. અબ્દુલ કલામ ઈનોવેટિવ ગર્વનન્સ એવોર્ડથી જીલ્લા કલેક્ટર

એમ.નાગરાજનને ગુજરાતના અધિકારી અને ભારત સરકારના ડીઓપીટી મંત્રાલયના અધિક સચિવ કે. શ્રીનિવાસ (આઈ.એ.એસ)ની ઉપસ્થિતિમાં એવોર્ડ ન્યુ દિલ્હી ખાતે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનને સરકારી સેવાઓમાં અને ગવર્નમેન્ટ ક્ષેત્રમાં ઈનોવેટીવ કામ કરવા બદલ તેમને એવોર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમાર ઉપસ્થિત હતા.

ભિલોડામાં ભારતીય સેનાને બિરદાવવા આતશબાજી અને રેલીનો કાર્યક્રમ

ભિલોડા,તા.૨૮

જમ્મુ-કાશ્મીર રાજયના પુલવામામાં ૧૪મી ફેબ્રુઆરીને ગુરૂવારના રોજ સી.આર.પી.એફ.ના કાફલા ઉપર આતંકવાદી ધ્વારા હુમલો કરાયો હતો. ભારત દેશના વીર જવાનો

શહિદ થયા હતા. ભારતની એર સ્ટ્રાઈક દરમ્યાન ૩૫૦ આતંકીઓનો સફાયો બોલાવ્યો હતો. પુલવામાના શહિદોની તેરમીએ જ ભારતએ બદલો લીધો હતો. પાકિસ્તાનની સીમામાં ભારતીય એરફોર્સે મુખ્ય આતંકી તાલીમ કેમ્પને બોંબ વરસાવી તબાહ કર્યો હતો. સોશિયલ મીડિયામાં ભારતીય એરફોર્સની ભારોભાર પ્રશંસા અને પાકિસ્તાનની ફીરકી ઉતારી હતી. પાકિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતાં સર્વત્ર ખુશીની લહેર પ્રસરી હતી.

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ભારતીય વાયુસેનાને બિરદાવવા સંદર્ભે આતશબાજી, રેલીનો કાર્યક્રમ ડી.જે.ના તાલે યોજાયો હતો તે દરમ્યાન નવયુવાનો, ગ્રામજનો ઝુમી ઉઠ્યા હતા. ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન ઉપર હુમલો કરી આતંકીઓનો સફાયો બોલાવતાં ઠેર-ઠેર અબીલ-ગુલાલની છોળો ઉડી હતી. ભિલોડાના નવયુવાનોએ સમી સાંજે મોટી સંખ્યામાં એકત્રીત થઈ ફટાકડાની આતશબાજી કરી વિજયોત્સવ મનાવ્યો હતો.

પુલવામામાં હુમલાના ૧૨ દિન બાદ ભારતીય વાયુસેનાના લડાકું મિરાજ વિમાનોએ પાકિસ્તાન દેશની સીમામાં મધ્યરાત્રે ઘુસીને ૩૫૦ થી વધુ આતંકવાદીનો એકાએક ખાત્મો બોલાવ્યો હતો. ભારતીય વાયુસેનાના ઓપરેશનને પ્રજાજનોએ મર્દાનગીનું કદમ ગણાવ્યું હતું. ભારત દેશના વીર જવાનોને બિરદાવવા માટે આતશબાજી, રેલી કાઢી ડી.જે.ની શુરાવલી વચ્ચે દેશ ભક્તિના ગીતો ગુંજતા હતા.

ભારત માતાકી જય, જય જવાન, જય કિસાન, જય હિન્દ, વંદે માતરમ્, પાકિસ્તાન દેશને કાયમ માટે નકશામાંથી નેસ્ત નાબુદ કરોના ગગનભેદી નારા, સુત્રોચ્ચાર પોકારી ભારતીય વાયુસેનાની સફળ કામગીરી, મર્દાનગીને બિરદાવવા પ્રજાજનો એકત્રીત થયા હતા.અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ ધ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. ભારતીય વાયુસેના ધ્વારા આતંકવાદીઓનો ખાત્મો બોલાવતાં પ્રજાજનોના જુસ્સામાં વધારો થઈ રહ્યો છે.

ભિલોડા કોટેજ હોસ્પિટલના ફાર્માસીસ્ટને ઈન્ટરનેશલ એવોર્ડથી સન્માન

ભિલોડા, તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત કોટેજ હોસ્પિટલના ફાર્માસીસ્ટને ઈન્ટરનેશલ એવોર્ડ આપી સન્માન કરાયું હતું. ભિલોડા તાલુકાનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. શ્રી અગસ્ત આશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ,વંદે માતરમ મંચ ધ્વારા જે.પી.શર્મા (ફાર્માસીસ્ટ)ને ઈન્ટરનેશનલ મેલ ઈમ્પાવર એવોર્ડ (સામાજીક સેવાઓ)સંદર્ભે અર્પણ કર્યો હતો.

વંદે માતરમ મંચના પ્રેસીડેન્ટ કમલભાઈ પંડ્યા, જે.જે. રાવલ નેશનલ ખગોળશાસ્ત્રી, ડૉ.એન.જયાચંદ્રા ફિજીશિયન આયુર્વેદાના વરદ્ હસ્તે એવોર્ડ અર્પણ કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. કોટેજ હોસ્પિટલ, ભિલોડા સ્ટાફ પરીવાર, એસ.જે.શર્મા પ્રિન્સિપાલ, ઉદય સેવા સંસ્થાનના જીતેન્દ્રભાઈ ભાટીયા, ટ્રસ્ટીઓ, ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, કારોબારી સભ્યો, સદ્ભાવના પરીવાર, સામાજીક, રાજકીય આગેવાનો, ગ્રામજનોએ ફાર્માસીસ્ટને એવોર્ડ મેળવવા બદલ બિરદાવ્યા હતા.

ધાનેરાની નેનાવા ચેક પોસ્ટ પર સઘન વાહન ચેકીંગ

ગુજરાત ની તમામ ચેક પોસ્ટ ઉપર સઘન વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે ત્યારે બનાસકાંઠા જિલ્લા માં આવેલી અને ગુજરાત રાજેસ્થાન બોર્ડર ઉપર આવેલી નેનાવા ચેક પોસ્ટ ઉપર પણ ધાનેરા પોલીસ ધ્વરા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે અને અવર જવર કરતા તમામ વાહનો ની જીણવટ ભરી તાપસ કરવામાં આવી રહી છે. ભારતની એર સ્ટ્રાઈક બાદ ગુજરાત અને બોર્ડર ના વિસ્તારો ઉપર સુરક્ષા સઘન બનાવાઈ છે.પાકિસ્તાન બોર્ડર પર સુરક્ષા સઘન બનાવાઈ છે અને દરેક હિલચાલ પર નજર રાખવામાં આવી છે.ત્યારે રાજ્ય ની તમામ ચેક પોસ્ટ ઉપર પણ સુરક્ષા વધારે દેવામાં આવી છે અને અવર જવર કરતા તમામ વાહનો ની જીણવટ ભરી તાપસ કરવામાં આવી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા પોલીસ સ્ટેશન ની હદ માં આવેલી નેનવા ચેક પોસ્ટ ઉપર પણ પોલીસ જવાનો ધ્વરા સઘન વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.

મેરા બુથ - સબસે મજબૂત કાર્યક્રમ અંતર્ગત

વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સંગઠન સંવાદ કર્યો

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સંગઠન-સંવાદ કાર્યક્રમ અંતર્ગત વિડીયો કોન્ફરન્સ દ્વારા આજરોજ લાખો કાર્યકરો સાથે સીધો સંવાદ કર્યો હતો. મેરા બુથ - સબસે મજબુત અંગે તેમણે રાષ્ટ્રની વર્તમાન પરીસ્થિતી વિશે પણ વાત કરી હતી. જેમાં હિંમતનગર ના મહાવીરનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ પ્રમુખ જે. ડી. પટેલ, સાંસદ દિપસિંહ રાઠોડ, જીલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, શહેર સંગઠન પ્રમુખ અનીરૂધ્ધભાઈ સોરઠીયા, પૂર્વ

પાલીકા પ્રમુખ નિલાબેન પટેલ, તાલુકા સંગઠન પ્રભારી હિતેન્દ્રભાઈ પટેલ, નિર્ભયસિંહ રાઠોડ સહિત અનેક કાર્યકરો હાજર રહેલ.

સાબરકાંઠા બેન્ક કર્મચારીઓ દ્વારા શહીદ થયેલ પરીવારજનો માટે ૧.૫૧ લાખનો ફાળો આપ્યો

જમ્મુ કાશ્મીરના પુલવા જીલ્લામાં સી.આર.પી.એફ. ના જવાનો ઉપર થયેલ આંતકવાદી હુમલામાં વીરગતિને પામેલા શહીદ જવાનોને વીરાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ બેન્કના યુવાન ચેરમેન મહેશભાઈ પટેલના અધ્યક્ષપણા હેઠળ બેંક ખાતે યોજવામાં આવેલ. જેમાં બેન્કના ચેરમેન, એડવાઈઝર ટુ ધી બોર્ડ અને ચીફ એક્ઝિક્યુટીવ સાથે બેન્કના તમામ કર્મચારીગણ હાજર રહી વીરાંજલી આપેલ.

આ પ્રસંગે બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલી આપતા જણાવેલ કે, આપણે સૌએ આ શહીદ થયેલા જવાનોની સહાદત એળે જવા દેવી જાઈએ નહીં તેમજ સત્ય, નિષ્ઠા અને પ્રમાણીકતાના માર્ગ પર ચાલીને દેશભક્તિમાં આપણે આપણી રીતે તમામ સાત્વિક કર્મફળને અર્પણ કરી દેશની સેવા કરીએ એ જ સાચી વીરાંજલી કહેવાય, આ પ્રસંગે વીરગતિ પામેલા શહીદોના આત્માને શ્રધ્ધાંજલી આપવા માટે સભામાં ઉપસ્થિત તમામ લોકોએ મીણબત્તી પ્રકટાવી બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરેલ તેમજ પ્રસંગને અનુરૂપ દેશભક્તિના શોર્ય ગીતો પ્રકાશભાઈ રાવલે ગાયી વીરાંજલી અર્પણ કરેલ. સભામાં ઉપસ્થિત તમામે આ શહીદોને અત્યંત ગમગીન વાતાવરણમાં તેમજ પરીવારજનોની વેદનામાં સહભાગી થયેલ.